1. ઈ.સ. 1935ના કાયદાએ ભારતીયોને શું આપ્યું?

➢ ઈ.સ. 1935ના કાયદાએ ભારતને પ્રાંતિક સ્વાયત્તતા આપી હતી.

2. ચંપારણના ખેડૂતોની કઈ મુશ્કેલીઓ હતી ?

➢ ચંપારણના જમીનદારો જમીનના 3/20 ભાગમાં ફરજીયાત ગળીનું વાવેતર કરી, ઉત્પાદન સસ્તી કિંમતે બ્રિટીશરોને વેચવાની ખેડૂતોને ફરજ પાડતાં હતાં.

3. ખિલાફત આંદોલનના મુખ્ય નેતાઓ કોણ હતા?

➢ મૌલાના શૌકતઅલી અને મૌલાના મોહમ્મદ અલી ખિલાફત આંદોલનના મુખ્ય નેતાઓ હતા.

4. ગાંધીજીએ ખિલાફત આંદોલનને શાથી ટેકો જાહેર કર્યો?

➢ ગાંધીજીએ હિન્દુમુસ્લિમ એકતાના ખ્યાલથી ખિલાફત આંદોલનને ટેકો જાહેર કર્યો.

5. કાકોરી કેસમાં કોને ફાંસી આપવામાં આવી?

➢ કાકોરી કેસમાં રામપ્રસાદ બિસ્મિલ, અશફાકુલ્લા ખાન અને અન્ય બે કાંતિકારીઓને ફાંસી આપવામાં આવી.

6. દિલ્લીની મધ્યસ્ય ધારાસભામાં કોણે બોંબ ફેંક્યો હતો?

➢ દિલ્લીની મધ્યસ્થ ધારાસભામાં ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે બોંબ ફેંક્યો હતો.

7. સાયમન કમિશનની નિયુક્તિ શા માટે કરવામાં આવી હતી ?

➢ ઈ.સ. 1919 ના મોન્ટક કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે આ કાયદાનો અમલ કઈ રીતે થયો છે તથા તેમાં કોઈ સુધારાની આવશ્યકતા છે કે નહિ, તેની તપાસ કરવા સાયમન કમિશનની નિયુક્તિ કરવામાં આવી હતી.

8. ગાંધીજીએ ક્યારે દાંડીકૂચ આરંભી ? શા માટે ?

➢ ગાંધીજીએ મીઠાના અન્યાયી કાયદાને તોડવા માટે અમદાવાદના સાબરમતી આશ્રમથી 12 માર્ચ 1930ના રોજ દાંડી કૂચની શરૂઆત કરી.

9. નહેરુ અહેવાલનો અસ્વીકાર થાયી થયો?

➢ મુસ્લિમ લીગની અસંમતિને કારણે બ્રિટિશ સરકારે નહેરુ અહેવાલનો અસ્વીકાર કર્યો.

10. બ્રિટિશ સરકારે શા માટે ગોળમેજી પરિષદ બોલાવી હતી ?

➢ બ્રિટિશ સરકારે ભારતને કેવા પ્રકારનું બંધારણ તથા સુધારાઓ

11. કોંગ્રેસ કારોબારી સમિતિએ 'હિંદ છોડો' ઠરાવ ક્યારે પસાર કર્યો ?

➢ કોંગ્રેસ કારોબારી સમિતિએ 'હિંદ છોડો' ઠરાવ 14 જલાઈ, 1942ના રોજ પસાર કર્યો.

12. ભારતીય ઇતિહાસમાં કયા સમયગાળાને ''ગાંધીયુગ'' કહેવાય છે ?

➢ ભારતીય ઇતિહાસમાં ઈ.સ. 1975 થી ઈ.સ. 1947 સુધીના સમયગાળાને 'ગાંધીયુગ' કહેવાય છે.

13. કયા દાયકામાં ભારતમાં પ્રત્યક્ષ ચૂંટણીપ્રથાનો પ્રારંભ કર્યો હતો ?

➢ ઈ. સ. 1919ના મોન્ટફર્ડ કાયદાએ ભારતમાં પ્રત્યક્ષ ચૂંટણીપ્રથાનો પ્રારંભ કર્યો હતો.

14. મહાત્મા ગાંધીજીના સ્વરાજ્ય પ્રાપ્તિ માટેના પાયા કયા હતા?

➢ મહાત્મા ગાંધીજીના સ્વરાજય પ્રાપ્તિ માટેના પાયામાં સત્ય અને અહિંસા હતા.

15. ગાંધીજીએ ઉપવાસ શાસનો પ્રથમ પ્રયોગ ક્યારે કર્યો?

➢ અમદાવાદમાં મિલમજૂરો અને મિલમાલિકો વચ્ચે થયેલા વિવાદમાં સમાધાનકારની ભૂમિકા ભજવવાના ભાગરૂપે ઉપવાસ શસ્ત્રનો પ્રયોગ કર્યો.

16. વલ્લભભાઈ પટેલે બારડોલીના આંદોલનની સફળતાનું કારણ જણાવો ?

➢ વલ્લભભાઈ પટેલે મહાત્મા ગાંધીજીના માર્ગદર્શન અને ફિલસુફી પ્રમાણે કાર્ય કરતાં બારડોલી આંદોલન સફળ બન્યું.

17. રવિન્દ્રનાથ ટાગોરે ક્યા કારણસર ''નાઇટ'' ની પદવી પાછી આપી હતી ?

➢ પંજાબના જલિયાંવાલાબાગના હત્યાકાંડથી વ્યથિત થઈને રવિન્દ્રનાથ ટાગોરે ''નાઈટ'' ની પદવી પાછી આપી હતી.

18. સ્વતંત્રતા સંગ્રામમાં કયા વકીલોએ પોતાની ધીકતી વકીલાત છોડી હતી ?

➢ સ્વતંત્રતા સંગ્રામમાં મોતીલાલ નહેરુ, સરદાર પટેલ, ચિતરંજન દાસ અને રાજેન્દ્ર પ્રસાદ જેવા વકીલોએ પોતાની ધીકતી વકીલાત છોડી હતી.

19. ચટગાંવ સરકારી શસ્ત્રાગાર લૂંટનું નેતૃત્વ કોને લીધું હતું?

➢ ચટગાંવ સરકારી શસ્ત્રાગાર લૂંટનું નેતૃત્વ માસ્ટર શુરસેને કર્યું હતું.

20. પૂર્ણ સ્વરાજનું લક્ષ ક્યારે ઘોષિત કરવામાં આવ્યું?

➢ ડિસેમ્બર, 1929ના લાહોર અધિવેશનમાં કોંગ્રેસે પૂર્ણ સ્વરાજનું લક્ષ ઘોષિત કર્યું.

21. ખુદાઈ ખિદમગાર નામનું સંગઠન કોને ઊભું કર્યું?

➢ સરહદના ગાંધી તરીકે ઓળખાતા ખાન અબ્દુલ ગફાર ખાને 'ખુદાઈ ખિદમગાર' નામનું સંગઠન ઊભું કર્યું હતું.

22. બ્રિટિશ સરકારે આઝાદ હિંદ ફોજના ક્યાં ત્રણ નેતાઓ પર કેસ ચલાવ્યા હતા?

➢ બ્રિટિશ સરકારે આઝાદ ઝિંદ ફોજના જનરલ શાહનવાઝ, જનરલ ગુરુદયાલ સિહ ઢિલ્લો અને જનરલ પ્રેમ સહેગલ પર કેસ ચલાવ્યા.

23. ભારતને કોમવાદી વૃત્તિને પોષવાનું કાર્ય કોણે કર્યું?

➢ ભારતમાં કોમવાદી વૃત્તિને પોષવાનું કાર્ય સૈયદ અહમદખાં અને મુસ્લિમોની નિરક્ષરતા તથા અજ્ઞાનતાએ કર્યું.

24. બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટનમાં કૌની સરકાર શાસનમાં આવી?

➢ બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટનમાં રૂઢિચુસ્ત પાર્ટીને બદલે લેબરપક્ષની સરકારે શાસનમાં આવી.

25. મારતપાક ભાગલના હદયદ્રાવક અહેવાલ જોવા મળે છે?

➢ ખુશવંતસિંહના પુસ્તક "ટ્રેન ટુ પાકિસ્તાન" માં ભારતપાક ભાગલાના હૃદયદ્રાવક અહેવાલ જોવા મળે છે.